## હા... સાહેબ !

"અરે રે... ગજબ થઈ ગયો, ગજબ.... સાંભળ્યુ તમે..?"

"... હા ભય્યુજી મહારાજની આત્મહત્યાની વાત કરો છો ને તમે..."

"હા... હા... એ જ... સમાજને માર્ગદર્શન આપનાર માર્ગ શોધી ન શકે એ કેવી કરૂણતા..! રાષ્ટ્રીય સંતનું બિરૂદ જેને અપાયુ હોય એની પાસે કેટલી મોટી અપેક્ષા સમાજમાં પ્રવર્તતી હોય છતાં કોઈ ક્ષણ..."

"... બસ આજ વાત છે. એ ગોઝારી ક્ષણ જીવનને રફેદફે કરી નાંખે છે. આ કોઈ સંત કે મહંતની જ વાત નથી. માનવજાતની વાત છે. કેટલાય તત્વ ચિંતકોએ, કેટલાય ન્યાયમૂર્તિઓએ અને કેટલાય તંત્રી-મંત્રીઓએ પણ આત્મહત્યા કર્યાના ઉદાહરણો કરૂણ ઈતિહાસના પ્રકરણો છે."

"સાહેબ હવે તો હદ થાય છે. કેમ આટલુ બધુ ડિપ્રેશન આવતુ હશે ? કેમ જીવન યુદ્ધનું મેદાન એકાએક છોડી દેવાનુ મન થતું હશે અને મને તો અચરજ જ એ થાય છે કે કાંટો કે ટાંકણી આપણા શરીરને વાગે ત્યારે કેવી પીડા થાય છે ત્યારે છલાંગ લગાવતા કે લમણે ગોળી વિંધતા શું શું વિતતુ હશે..?"

"ભાઈ આ દુઃખની ઘડીએ ક્યાં તમે ચર્ચા ઉપાડી છે. પણ જીવન જીવવા કરતા જીતવુ જરૂરી છે. જીવી તો સૌ કોઈ જાણે છે જીતી બતાવે ત્યારે જીવનવીર કહેવાય..."

"એકદમ મુદ્દાની વાત કરી. જીવ માત્રને પ્રશ્નો છે. દેકારાને પડકારા છે. વિસંગત વાતાવરણ છે. તકલીફોનો પાર નથી. છતાંય હસતાં હસતાં જીવી બતાવવુ એ જ સાચુ."

"ઓ હો... એટલે ઝેરના ઘુંટડા ગળતા જવાનુ અને ભુલતાં જવાનુ, શીખતા જવાનુ અને સમજતા સમજતા જીવનના ડગ ધપાવતા જવાનુ એ જ જીવનનો સાચો માર્ગ છે."

"સો વાતની એક વાત. કે 'સહનકર' પંચાક્ષર મંત્ર જીવનનો શ્રેષ્ઠ મંત્ર છે. વ્યક્તિ, સ્થિતિ અને સંજોગોને સહન કરવાની ધૈર્યશક્તિ પાર્દુભાવ પામે તો જીવન સંગ્રામ જીતી જવાય."

"સાહેબ... પણ આ બધી વાતો કરવી સહેલી છે. વાસ્તવિકતા વરવી છે. આચાર અને આચરણ વચ્ચે મોટી દિવાલ છે અને દિવાલ તોડીને જો એક કરી દેવાય તો જીવનમાં ભયો ભયો."

"હા... હા... સમજી ગયો પણ હું અને તમે જોઈએ છીએ કે રોદણાં રોતાં ફરિયાદો કરતા, બળાપો કાઢતા, સ્થિતિને ધુત્કારતા કેટલા બધા મિત્રો દુઃખી દુઃખી છે. આમાં કોઈ એક કે બીજા વ્યક્તિની વાત નથી. સમગ્ર સામાજિક વ્યવસ્થાની વાત છે."

"અરે... એટલે એવુને કે, જો સ્થિતિને બદલી શકો તો બદલી નાંખો અને બદલી ના શકો તો સ્વીકારી લો. આટલુ સીધુ સાદુ વિધાન જો પચાવી જાણીએ તો તો ક્યારેક માર્ગ મુશ્કેલ નહી બને. પરિસ્થિતિ પડકાર નહી બને અને સમસ્ત વિપદા વિકરાળ નહી બને ખરૂને."

"હજુ તો તમે થોડીક અઘરી વાત કરો છો, પણ હું તો એથી સરળ વાત કરૂ છુ. જો આપણે આપણી જીંદગીને ભરપુર પ્રેમ કરીએ તો નિરાશા નામની રાક્ષસી ક્યારેય જીવનના આંગણામાં ડોકાશે નહીં."

"વાહ... અર્થ એવો થયો કે જીંદગીને પ્રેમ કરો. આરપાર જીવો, ભરપુર જીવો... એમ જ ને..."

"હા... સાહેબ...હા."




બાળમજુરી વિરોધી દિવસ - બાળમજુરી વિરોધ દિવસ નિમિત્તે લોકજાગૃતિ માટે કાર્યક્રમો યોજાય છે... સરકાર પરિસંવાદો પણ કરે છે... પરંતુ બાળમજુરીનું દૂષણ અટકાવી શકાયું નથી... ચાની લારીઓ હોય, નાની-મોટી રેસ્ટોરન્ટ હોય કે બુટપોલીશ કરનાર હોય ત્યાં મોટેભાગે બાળકોનો જ ઉપયોગ થાય છે... ભણવાના સમયે શ્રમકાર્યમાં જોડવાની જીદ હજુપણ ગ્રામીણ વિસ્તારોમાં અકબંધ છે... સામાજીક સેવાના ક્ષેત્રમાં કાર્યરત કર્મશીલોએ આવા શ્રમિક પરિવારોના બાળકોને શાળાએ મોકલવા સમજાવવા જોઈએ...

# પાંચ વર્ગખંડોનું લોકાર્પણ પ્રવેશોત્સવ વેળાએ થશે

### ૩૪ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાશે : ૧૨૦૬૫ પ્રવેશપાત્ર બાળકોને ધો. ૧માં પ્રવેશ કરાવાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં પ્રવેશોત્સવ દરમ્યાન ૫ વર્ગખંડોનું લોકાર્પણ કરાશે જ્યારે ૩૪ જેટલી બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે.

૧૬મા પ્રવેશોત્સવ અંગે જિલ્લામાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ જે પાંચ શાળાઓમાં વર્ગખંડોનું લોકાર્પણ કરવામાં આવનાર છે તેમાં દહેગામમાં બે, તેમજ બાકી ત્રણે તાલુકાની એક-એક શાળાનો સમાવેશ થાય છે.

જિલ્લામાં પ્રવેશોત્સવ દરમ્યાન ૩૪ બાળાઓ જે બી.પી.એલ. પરિવારમાંથી આવે છે તેમને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપી કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવામાં આવશે.

જિલ્લામાં ૧૬મા પ્રવેશોત્સવમાં પ્રાથમિક શાળામાં ધો. ૧માં પ્રવેશ પાત્ર બાળકો છે તેની સંખ્યા ૧૨૦૬૫ છે.

ગાંધીનગર તાલુકામાં ૨૨૦૦ કુમાર અને ૨૦૦૪ કન્યા, કલોલમાં ૧૩૯૨ કુમાર અને ૧૩૭૪ કન્યા, માણસામાં ૯૪૯ કુમાર અને ૮૮૭ કન્યા તેમજ દહેગામમાં ૧૬૯૮ કુમાર અને ૧૫૬૧ કન્યાઓનો સમાવેશ થાય છે.

## વહીવટીતંત્રને સંવેદનશીલ, પારદર્શક અને ગતિશીલ બનાવવા તાકીદ

### પંચાયતના શાખાધિકારીઓની બેઠકમાં કામગીરીની પણ ડીડીઓએ સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લામાં વહીવટીતંત્રને સંવેદનશીલતા અને પારદર્શકતા સાથે વધુ પ્રજાભિમુખ બની રહે તેવો અભિગમ અપનાવવા જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ આજે શાખાધિકારીઓની બેઠકમાં જણાવ્યુ હતુ. તેમણે અધિકારીઓને જણાવ્યુ હતુ કે પ્રજાના પ્રશ્નોને સહાનુભૂતિ સાથે સાંભળી અને સરકારના પરિપત્રની મર્યાદામાં રહી સંવેદનશીલતા સાથે હકારાત્મક ઉકેલની દિશામાં આગળ વધવા જણાવ્યુ હતુ.

જિલ્લા વિકાસ અધિકારી તરીકેનો હોદ્દો સંભાળ્યા પછી પ્રથમ જ વાર પંચાયતની તમામ શાખાના અધિકારીઓની તેમણે સમીક્ષા બેઠક પણ રાખી હતી.

આજની બેઠકમાં સરકારની ફ્લેગશીપ યોજનાઓની સતત પ્રગતિનો અહેવાલ સી.એમ. ડેશ બોર્ડ પર અપડેટ થતો રહે તેવો આગ્રહ કરી તેમણે જણાવ્યુ હતુ કે આમાંથી જિલ્લામાં થયેલો વિકાસ તેમજ આપણે રાજ્યમાં કઈ યોજનામાં કયા સ્થાને છીએ તેનો ખ્યાલ આવશે. જિલ્લા વિકાસ અધિકારીએ આરોગ્ય, શિક્ષણ, સમાજકલ્યાણ, કૃષિ પશુપાલન વિભાગની પણ સમીક્ષા કરી હતી. તેમણે માતા મરણ બાબતે ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત કુપોષણ તેમજ એનઆરએચએમની વિવિધ યોજનાના અસરકારક અમલીકરણની હિમાયત કરી હતી.

તેમણે શિક્ષણ વિભાગના પ્રવેશોત્સવને લઈ પણ કેટલી પૃચ્છાઓ કરી હતી. આ ઉપરાંત મહિલા-બાળ વિકાસ વિભાગને પણ તેમની કાર્યવાહીને વધુ ગતિશીલ અને પારદર્શક બનાવવાનો આગ્રહ કર્યો હતો.

# જિલ્લામાં પ્રવેશોત્સવ માટે ૨૭ અધિકારી-પદાધિકારી ફાળવાયા

### જિલ્લામાં શિક્ષણની સ્થિતિને સમજવા, જાણવા અને બદલાવ માટે શું જરૂરી છે તે માટે શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં જશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં શિક્ષણની સ્થિતિને જાણવા-સમજવા અને બદલાવની ક્યાં જરૂર છે તેના અભ્યાસની સાથે સાથે જિલ્લામાં પ્રવેશોત્સવ પર્વની ઉજવણી માટે ૨૫ રાજ્યકક્ષાના અધિકારીઓ અને ૨ પદાધિકારીઓ આવશે.

જિલ્લામાં ૧૪-૧૫ના રોજ યોજાનાર પ્રવેશોત્સવમાં શિક્ષણ વિભાગના અગ્રસચિવ સુશ્રી સુનયના તોમર, ડાયરેક્ટર ઓફ સ્ટુલ્સ જે.ડી. દેસાઈ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ ભાવનાબેન દવે અને પોલીસ આવાસ નિગમના ડી.ડી. પટેલ સહિત પાંચ સનદી અધિકારીઓ જોડાવાના છે.

જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારના પ્રવેશોત્સવ માટે સુનયના તોમર, જે.ડી. દેસાઈ, અરૂણકુમાર સોલંકી, રાજીવકુમાર ગુપ્તા, વિશાલ ગુપ્તા ઉપરાંત આઈ.પી.એસ. અધિકારી આર.બી. બ્રહ્મભટ્ટ જોડાવાના છે.

જિલ્લા શિક્ષણતંત્રને આજે જ રાજ્યમાંથી આવતા અધિકારીઓ અને પદાધિકારીઓની યાદી મળતાં તેમના રૂટ નિયત કરવા અંગેની તડામાર તૈયારીઓ શિક્ષણ શાખામાં ચાલી રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ધો. ૧માં ૧૨૦૬૫ બાળકો પ્રવેશપાત્ર સર્વે દરમ્યાન જણાઈ આવ્યા છે. જેમાં ૬૨૩૯ કુમાર અને ૫૮૨૬ કન્યાઓનો સમાવેશ થાય છે. સૌથી વધુ પ્રવેશપાત્ર બાળકો ગાંધીનગર તાલુકામાંથી મળ્યા છે જ્યારે બીજા ક્રમે દહેગામ તાલુકો આવે છે.

રાજ્યના શિક્ષણ વિભાગે આ વખતે પ્રવેશોત્સવમાં ધો. ૯ના પ્રવેશ પર વિશેષ ભાર મુક્યો છે અને ધો. ૯માં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૫ હજારથી વધુ થવા જાય છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણાધિકારીની કચેરીઓ સંકલનમાં રહી અને પ્રવેશોત્સવની સમગ્ર કામગીરીને આખરી ઓપ આપવાની કામગીરી કરી રહેલ છે. જિલ્લામાં કલોલ તાલુકો જેમા શિક્ષણમાં ૨૦ ટકાથી વધુ ડ્રોપ આઉટ ધરાવતા ૧૨૧ તાલુકા પૈકીનો એક હોવાથી તે તાલુકા પર શિક્ષણ વિભાગે વધુ ધ્યાન કેન્દ્રીત કરેલ છે.

જિલ્લામાં જે ૨૭ અધિકારીઓ ફાળવવામાં આવ્યા છે તેમાં રાજ્યના મુખ્ય સચિવ ત્રણ અધિક મુખ્ય સચિવનો પણ સમાવેશ થાય છે. જો કે આ મહાનુભાવો શહેરી વિસ્તારના પ્રવેશોત્સવમાં જોડાશે તેમ સચિવાલયના વિશ્વસનીય સાધનોએ જણાવ્યુ છે. બે આઈપીએસ અધિકારીઓ, ૧ અધિક સચિવ, ૭ નાયબ સચિવ, ૧ ખાતાના વડા, ૪ સંયુક્ત સચિવ ફાળવવામાં આવ્યા છે.

શિક્ષણતંત્ર દ્વારા પ્રવેશોત્સવમાં જનારા અધિકારીઓ માટેની કીટ પણ તૈયાર કરવામાં આવી રહી છે. જિલ્લાતંત્ર દ્વારા આજે મોડી સાંજ સુધીમાં પ્રવેશોત્સવ માટેના રૂટ તૈયાર થઈ જશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

# તાલુકા પંચાયતના બળવાખોરોને મનાવવા પ્રયાસો

### તાલુકા પંચાયતની સમિતિઓની રચનાના મુદ્દે નિરીક્ષકોના ગાંધીનગરમાં ધામા : બેઠકોનો ધમધમાટ : બન્ને જુથો વચ્ચે મોડી સાંજ સુધી ખેંચતાણ યથાવત

ગાંધીનગર, તા. ૧૨

આગામી ૧૫મી જુને ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી અને સામાજિક ન્યાય સમિતિની રચના માટે મળનાર સામાન્ય સભાને લઈ નિરીક્ષકોની હાજરીમાં સભ્યોની બેઠકોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે.

કોંગ્રેસના નિરીક્ષકો નિરંજન પટેલ, ગેનીબેન ઠાકોર, રઘુભાઈ આજે ગાંધીનગર આવી પહોંચ્યા હતા. તેમણે પ્રથમ જિલ્લાના આગેવાનો સાથે પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

મળતી વિગતો મુજબ પ્રમુખની ચૂંટણી વેળાએ ગેરહાજર રહેલા ૬ સભ્યોને મનાવી લેવાની ફોર્મ્યુલા તૈયાર કરવાની કવાયત ચાલી રહી છે પણ બીજી તરફ જે સભ્યોએ પક્ષના આદેશનું પાલન કર્યુ હતુ તેઓ માનવા તૈયાર નથી.


જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના સત્તાવાર સે. ૨૦ સ્થિત નિવાસસ્થાને બેઠક મળી હતી અને બન્ને જુથોને મનાવવાના પ્રયાસો શરૂ થયા છે. એક એવી ફોર્મ્યુલા પણ રજુ થઈ છે કે પક્ષમાં બળવો કરનાર ૭ સભ્યો પૈકી કોઈ નહિ તો પક્ષની સાથે રહેનાર સભ્યો પૈકી પણ કોઈ નહિ પરંતુ કોંગ્રેસને સમર્થન જાહેર કરનાર અપક્ષ ઉમેદવારોની પસંદગી કરવામાં આવે.

જો કે આ મુદ્દે આખરી કોઈ સમાધાન થયુ હોવાનુ જાણવા મળેલ નથી. જો કે મોડી રાત સુધી બેઠકોનો ધમધમાટ ચાલુ રહેવા પામ્યો હતો. ૨૦૧૯ની આવી રહેલી ચૂંટણીને ધ્યાને રાખી પક્ષમાં પણ રિસાયેલાઓને મનાવી લેવાની રણનીતિ ચાલી રહી છે.

જિલ્લાના નિરીક્ષકો કાલે તેમનો અહેવાલ સાંજ સુધીમાં પ્રદેશ નેતાઓને આપી દેશે અને આ પછી પ્રદેશમાંથી જે કંઈ પણ નિર્ણય આવે તેના અમલ માટે નિરીક્ષકો નેતાઓને સાથે રાખી આગળ વધશે તેમ મનાય છે. નિરીક્ષકો પોતાનો અહેવાલ આપતાં જિલ્લાના ધારાસભ્યો, પંચાયત પ્રમુખ તેમજ જિલ્લા પ્રમુખ અને તાલુકાના આગેવાનોને પણ અલગ-અલગ મળી આખી વ્યુહરચના તૈયાર કરશે તેમ મનાઈ રહ્યુ છે.

વોક ઈન ઈન્ટરવ્યુ
હંગામી/કરાર આધારિત ભરતી
SANDEEPANI School of Excellence
સાંદીપની સ્કૂલ ઓફ એક્સેલન્સ
ગાંધીનગર
ગાંધીનગરની ગૃહીણીઓ માટે સોનેરી તક
સાંદીપની સ્કૂલ ઓફ એક્સેલન્સ અંગ્રેજી માધ્યમની ધોરણ-૬, ૭ અને ૮ માં ભણાવતી નવી સ્કૂલ છે. તેમાં પ્રવેશ લેનાર બાળકો અંગ્રેજી તથા ગુજરાતી બંને માધ્યમમાંથી આવેલા છે. આ બધા જ બાળકોનું અંગ્રેજીનું સ્તર સુધરે તે ઉદ્દેશથી ખાસ કરીને સ્પોકન ઈંગ્લીશનું સ્તર સુધારવા માટે ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં રહેતા ગૃહીણીઓ પાસેથી અરજી મંગાવવામાં આવેલ છે. નીચેની શરતોનું ધ્યાન રાખીને અરજી કરવી.
૧. અરજી કરનાર ગૃહીણીએ અંગ્રેજીમાં ગ્રેજ્યુએટ હોવું જરૂરી છે.
૨. તેઓની અંગ્રેજી પર પક્કડ ખૂબ સરસ હોવી જોઈએ.
૩. બાળકને ભણાવવા માટેના કામમાં તેમનું પેશન અને કમિટમેન્ટ હોવું જોઈએ.
૪. સમયની અનુકુળતા કરી શકે તેવી ગૃહીણીઓ જ અરજી કરે.
વોક ઈન ઈન્ટરવ્યુ તારીખ : ૧૮/૦૬/૨૦૧૮
સમય : સવારે ૯.૦૦ કલાકથી
પગાર : રૂ. ૨૫,૦૦૦/- થી ૩૦,૦૦૦/- પ્રતિ માસ
સ્થળ : ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, મહાત્મા મંદિર પાસે, ખ રોડ, સેક્ટર- ૧૫, ગાંધીનગર.

## બેસણું



ગાંધીનગર - **સરગમ સંગીત વિદ્યાલયના સંચાલિકા**, પ્રવિણકુમાર કે. પરમારના ધર્મપત્ની તથા નિશા, રેસા, તેજસના માતૃશ્રી **શ્રીમતી ભારતીબેન પી. પરમારનું** આકસ્મિક દુઃખદ અવસાન તા. ૧૧/૬/૨૦૧૮ના રોજ થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૧૪/૬/૨૦૧૮, ગુરૂવારે સવારે ૮ થી ૧૦ કલાકે** અમારા નીચેના નિવાસસ્થાને રાખેલ છે.

પ્લોટ નં. ૭૪૧, સોમેશ્વર સોસાયટી, સેક્ટર-૨૭, ખ-રોડ, ગાંધીનગર

**પ્રવિણકુમાર કે. પરમાર** — **નિશા પી. પરમાર**
**તેજસ પી. પરમાર** — **રેસા સી. પરમાર**


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. કુંવરજીભાઈ પટેલ**

અંજલિ આપતા શબ્દો ખૂટે છે, શ્રદ્ધાંજલિ અર્પતા પુષ્પો ખૂટે છે.
કુદરતને ખજાને ખોટ પડે છે, ત્યારે માયાળુ માનવીનો ખજાનો લૂંટે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....



સમસ્ત લેઉવા પાટીદાર સમાજના આરાધ્ય દેવી
॥ માઁ અન્નપૂર્ણા ॥
લેઉવા પાટીદારોના સન્માન-ગૌરવનું શ્રદ્ધાતીર્થ
શ્રી અન્નપૂર્ણાધામ, અડાલજ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com